Subject : ગુજરાતી
Standard : ધોરણ 12
Chapter :
123456789101112

# ANSWERS

Exam Time : 3H
Date :
Marks : 100

## SECTION - A

➻ નીચેના પ્રશ્નોના માંગ્યા મુજબ જવાબ આપો. (પ્રત્યેકનો 1 ગુણ) (Marks - 4)

1. પ્રભાતિયાં
2. સ્વર્ગમાંથી ઇન્દ્ર, વરુણ, વહ્નિ અને યમરાય એમ ચાર દેવો આવ્યા છે.
3. ખંડકાવ્ય
4. ગરબી

➻ નીચેના પ્રશ્નોના એક વાક્યમાં ઉત્તર લખો. (પ્રત્યેકનો 1 ગુણ) (Marks - 4)

5. 'રામબાણ' એટલે પ્રભુની ભક્તિરૂપી બાણ, જે ભક્તને પ્રભુની ભક્તિમાં લીન કરી દે.
6. ગોપી શ્યામ રંગની નજીક ન જવાનો નિયમ લે છે.
7. લક્ષ્મણે ઊર્મિલાની સરખામણી એક શૂરવીર યોદ્ધા સાથે કરી છે.
8. યમરાયે સૌ દેવોને સમજાવ્યું કે આમ એકબીજાને શાપ આપવાથી લોકોમાં હાંસીને પાત્ર થશું. આથી દેવોએ એકબીજાના શાપ ફોક કર્યા.

➻ નીચેના પ્રશ્નોના ત્રણ-ચાર વાક્યમાં ટૂંકમાં ઉત્તર લખો. (કોઈપણ ત્રણ) (પ્રત્યેકના 2 ગુણ) (Marks - 4)

9. શ્રીકૃષ્ણ મયૂરધ્વજ રાજાની – સત્યની – કસોટી કરવા બ્રાહ્મણના વેશે આવી, તેમનું દક્ષિણાંગ માગ્યું. મયૂરધ્વજે તરત જ પોતાના મસ્તક પર કરવત મૂકી. આ જોઈ રાજાના પત્ની અને પુત્ર બંને તેમની કરવત તાણવાનો પ્રયત્ન કરવા લાગ્યાં. એ સમયે મયૂરધ્વજની ભક્તિથી પ્રસન્ન થઈ શ્રીકૃષ્ણ (હરિ) તરત પ્રગટ થયા. મયૂરધ્વજની ભક્તિથી પ્રસન્ન થઈ શ્રી કૃષ્ણ રાજાનું શરીર પહેલાંના જેવું કરી દીધું અને તેને આલિંગન દીધું.
10. 'કાચનાં કમાડ' દ્વારા નાયિકા પોતાની વેદના જણાવે છે કે હવે તેને આખી જિંદગી પતિના અબોલા સહેવા પડશે. પતિ સાથેના પ્રેમસંબંધની પરિસ્થિતિ કાચનાં કમાડ જેવી નાજુક થઈ ગઈ છે.

➻ નીચેના પ્રશ્નોના સવિસ્તાર ઉત્તર લખો. (કોઈ એક) (Marks - 8)

11. રામબાણ ભક્ત ધ્રુવ, પ્રહ્લાદ, શુકદેવ, મયૂરધ્વજ, મીરાંબાઈ, નરસિંહ મહેતા તથા અનેક સંતોને વાગ્યાં છે. તેના પરિણામે આ સૌનું જીવન પ્રભુભક્તિમાં લીન થઈ ગયું. તેમને બાણની વેદના અસહ્ય નથી લાગી, પણ તેમને મન એ તો ઈશ્વર સાથેના જોડાણની સંવેદનાની અનુભૂતિ છે. એ ભક્તોને આ રામબાણની વેદનાની પીડા સહેવી પડી નથી. તેમને માટે આ તો એક વરદાન છે. આ ભક્તોએ પોતાનું જીવન પરમાત્મામાં ઓળઘોળ કરી દીધું છે, સમર્પિત કરી દીધું છે. તેમના જીવનમાં એક પરમાત્મા સિવાય અન્યનું કોઈ સ્થાન નથી, આથી પરમાત્મા પણ એમની ભક્તિથી પ્રસન્ન થઈ એમને ખરે સમયે એમનાં કાર્યો કરવા આવે છે.
12. દાદાની સલાહ જાણી દીકરી દાદાને ફરી પોતાની વ્યથા વ્યક્ત કરતાં કહે છે કે, પરિસ્થિતિ એટલી નાજુક છે કે તેને કેમ ઉકેલવી? એના સંદર્ભમાં દી કરી કેટલાક ઉદાહરણ આપે છે. જેમ કે ખેતર ખેડી શકાય, પણ ડુંગરને કેમ ખેડવો? કૂવામાં કેટલું પાણી છે તેનો તાગ કાઢી શકાય, પણ સમુદ્રનાં પાણીનો તાગ શી રીતે કાઢી શકાય ? ઢાંઢો (બળદ) વેચી શકાય, પણ પરણ્યો એટલે કે પતિને થોડો વેચી દેવાય ? કાગળ હોય તો વાંચી શકાય, પણ કરમમાં અર્થાત્ નસીબમાં શું લખ્યું છે તે શી રીતે જાણવું ? ટૂંકમાં, દીકરીની વ્યથા એ છે કે સાસરીમાં ગમે તેટલાં દુ:ખ પડે તેને સહન કરી શકાય, પણ પતિને મનાવવાના અનેક પ્રયત્ન કરવા છતાં તેના અબોલા છૂટે જ નહિ તો આ પરિસ્થિતિને કેમ સહેવી ?

OR

12. લક્ષ્મણ રામનો નાનો ભાઈ છે. તે રાજસુખનો ત્યાગ કરી રામ અને સીતાની સાથે વનમાં જવાનો નિર્ણય લે છે. કેમ કે તેના અંતરમાં બંધુધર્મની ભાવના વિશેષ છે. આથી વનમાં જતાં પહેલાં ઊર્મિલાની વિદાય લેવા અને તેની સંમતિ લેવા જતાં લક્ષ્મણ અવઢવમાં છે. શું બોલવું ને શું ન બોલવું એની દ્વિધામાં છે. કૃતાપરાધથી તેની વાચા જાણે હણાઈ ગઈ છે. મુખ ગરીબડું બની ગયું છે છતાં તે પત્નીને સ્નેહના શબ્દો કહી તેની સંમતિ માગે છે. લક્ષ્મણની દીનવાણીમાં તેની બંધુધર્મ નિભાવવાની કેવળ ફરજ નથી, પણ બંધુ પ્રત્યે અસીમ પ્રેમ પણ છલકાય છે. તેમ કરવા જતા પોતે નિરપરાધી પત્ની ઊર્મિલાને અન્યાય કરી રહ્યો છે એવી ગુનાહિત લાગણીનો એકરાર પણ છે. તે સદ્ભાગી છે. તેને તેના બંધુધર્મમાં અવરોધરૂપ બને તેવી પત્ની મળી નથી. પત્નીની 'તૂટતા આભને ઝીલી લેવાની શક્તિ' જોઈને લક્ષ્મણ ઊર્મિલાને એક શૂરવીર યોદ્ધા સાથે સરખાવે છે. તમારા બંધુધર્મમાં અવરોધરૂપ શા માટે બને ? પતિ સાથે વનમાં જવા હઠ શા માટે પકડું ? એના કરતાં હૈયું ચિરાઈ જાય તેવી વેદના સહી લઈશ.' ઊર્મિલા આ ઘટનાને આટલી હદે સ્વીકારી લેશે એ લક્ષ્મણ માટે કલ્પનાતીત હતું. તે ઊર્મિલાને સંસારસેવકોથી તું જુદી કોઈ સુરાત્મજા !' અને 'દિવ્ય કો દેવી સિદ્ધ તું સર્વથા થઈ !' કહીને પત્નીની પ્રશંસા કરે છે, તેનું બહુમાન કરે છે અને તેને સુરાત્મજા'નું બિરુદ આપે છે. ઊર્મિલાના પતિપ્રેમ અને રાજધર્મ પ્રત્યેની નિષ્ઠા, કઠિન પ્રસંગે ધીરજથી વાસ્તવિકતાને સ્વીકારી લેવાની ક્ષમતા જોયા પછી લમણ હળવો થઈ જાય છે અને હવે નિશ્ચિત મને રામ-સીતાની સેવા કરવા વનમાં જઈ શકશે એની એને ખાતરી થાય છે. એ ઊર્મિલાને આલિંગન આપી, દૃષ્ટિથી દૃષ્ટિ મેળવીને દીર્ઘ નિઃશ્વાસ નાખીને ઊર્મિલાથી છૂટો પડે છે. એમાં પણ લમણનો પત્ની પ્રેમ પણ અછતો રહેતો નથી.

## SECTION - B

➽ નીચેના પ્રશ્નોના માંગ્યા મુજબ જવાબ આપો. (પ્રત્યેકનો 1 ગુણ) (Marks - 4)

13. ચુનીલાલ મડિયા
14. મહારાજા ભાવસિંહજીએ એક વરિષ્ઠ અમલદારનું રાજીનામું લઈ, એ પત્ર ઉપર સેક્રેટરી પ્રભાશંકરને મંજૂરીનો હુકમ લખવા આજ્ઞા કરી, તેથી પ્રભાશંકરે, પોતે, રાજીનામું આપ્યું.
15. ઉછીનું માગનારમાં કઈ વસ્તુ મગાય અને કઈ વસ્તુ ન મગાય એનો વિવેક હોતો નથી.
16. પ્રવાસનિબંધ

➽ નીચેના પ્રશ્નોના એક વાક્યમાં ઉત્તર લખો. (પ્રત્યેકનો 1 ગુણ) (Marks - 4)

17. ટાઢમાં કપડાંને અભાવે નાગાંપૂગાં બાળકો ઠુઠવાતાં હતાં એ વાતથી ભોજો દુઃખી હતો.
18. અમરનાથ યાત્રા અષાઢ કે શ્રાવણ માસમાં સરળ પડે છે.
19. યુધિષ્ઠિરમાં મુડદાં પર પગ મૂકી નગરજનોની દુઃખોની ચીસો વચ્ચે લોહી નીગળતો મુગટ પહેરવાની હિંમત નથી.
20. બાળપણથી જ વિનોબાનું મન બંગાળ અને હિમાલય આ બે સ્થળે જવા તલસતું હતું.

➽ નીચેના પ્રશ્નોના ત્રણ-ચાર વાક્યમાં ટૂંકમાં ઉત્તર લખો. (કોઈપણ ત્રણ) (પ્રત્યેકના 2 ગુણ) (Marks - 4)

21. કાશીમાં ગાંધીજીએ અહિંસા વિષય પર ઐતિહાસિક ભાષણ . એ ભાષણમાં મુખ્ય વાત એ હતી કે નિર્ભયતા વગર અહિંસા ચાલી જ ન શકે. પરમ સેવ્ય અહિંસા છે અને એ નિર્ભયતા વગર આવી ન શકે.
22. ઉછીનું માગનારની નજર ગીધ જેવી હોય છે. ગીધ જેમ તાજા મરેલા જાનવરને સૌ પહેલું ભાળે છે તેમ આડોશીપાડોશીના ઘરમાં કોઈ નવી ચીજ આવે કે તરત તેના પર સૌથી પહેલી નજર તેમની પડે છે, કારણ કે તેઓ એમ જ માનતા હોય છે કે એ વસ્તુ તેમને માટે જ આવી છે.

➽ નીચેના પ્રશ્નોના સવિસ્તાર ઉત્તર લખો. (કોઈ એક) (Marks - 8)

23. એક વર્ષની રજા લઈ વિનોબાએ સંસ્કૃતનો અભ્યાસ કર્યો, વેદાંત તથા બીજા શાસ્ત્રો શીખ્યા. તેમણે ઉપનિષદો, ગીતા, બ્રહ્મસૂત્ર અને શાંકરભાષ્ય, મનુસ્મૃતિ, પાતંજલ યોગદર્શન, ન્યાયસૂત્ર, વૈશેષિક સૂત્ર, યાજ્ઞવલ્ક્યસ્મૃતિ જેવા ગ્રંથોનો અભ્યાસ કર્યો.

તેમણે બીજું કામ તેમની તબીયત સુધારવાનું કર્યું. એ માટે ફરવા જવાનું તેમજ અનાજ દળવાનું શરૂ કર્યું. એ પછી ત્રણ સો નમસ્કાર શરૂ કર્યા. તેમણે દોઢ શેર દૂધ (60 રૂપિયાભાર), ભાખરી (૨ તોલા વજનની), કેળાં 4-5, બે પૈસાની જુવાર અને પાંચ પૈસાનું દૂધ – આટલો ખોરાક લેવાનું નક્કી કર્યું.

આ ઉપરાંત તેમણે સેવાની દૃષ્ટિએ ગીતાના નિઃશુલ્ક વર્ગો ચલાવ્યા. બીજા એક વર્ગમાં ચાર વિદ્યાર્થીઓને જ્ઞાનેશ્વરીના છ અધ્યાય ભણાવ્યા. બે વિદ્યાર્થીઓને નવ ઉપનિષદ શીખવ્યાં. હિંદીપ્રચારની દૃષ્ટિએ તેઓ રોજ વિદ્યાર્થીઓને સાથે રાખીને હિંદી છાપાં વાંચવાનો કાર્યક્રમ રાખ્યો હતો. તેમણે વિદ્યાર્થીમંડળની' સ્થાપના કરી. એમાં વાચનાલયને મદદ કરવા માટે ઘંટીએ દળવાનો વર્ગ શરૂ કર્યો. સૌએ બશેર દળવાનો એક પૈસો લેવાનો અને એ પૈસા વાચનાલયને આપી દેવાના, બે મહિના સુધી આ વર્ગ ચાલ્યો અને વાચનાલય માટે 400 પુસ્તકો જમા થઈ ગયાં.

24. લેખિકાને નદીની જમણી પડખે રળિયામણી ટેકરી ઉપર પાઇનના ઝાડની ગીચ ઝાડીમાં થઈને વાતો માદક, આહ્લાદક વસંત વાયુના સુસવાટા, તોફાની નિશાળિયાઓની સિસોટીના સંગીતનો આભાસ કરાવતા હતા. સાંકડી કેડીએથી માર્ગ કાપતાં તેમને શ્રીમતી કૃષ્ણા હઠીસિંગ તથા તેમના બે પુત્રોનો ભેટો થયો. માર્ગમાં દરેક ક્ષણે પોતાનુ સ્વરૂપ બદલતી કુદરતનું કયું દૃશ્ય શ્રેષ્ઠ તે નક્કી કરવું તેમને માટે શક્ય નહોતું. હરધનના મેદાન ઉપર તંબુ તાણીને વસવાટ ન કરી શક્યા તેનો તેમને વસવસો રહી ગયો. તેમને ઝરમર વરસતા વરસાદનાં ફોરાંને કારણે હરધનના મેદાનની શોભા નિહાળવા મળી. વરસાદમાં પલળવાની મઝા આવી. લેખિકાને અમરનાથ યાત્રા દરમિયાન આવા અનેક અનુભવો થયા.

OR

24. 'ખીજડિયે ટેકરે પાઠમાં પહેલી ઘટના એ બની કે પોસ્ટ-માસ્તરને ઘેર ઘણાં વર્ષો પછી પુત્રનો જન્મ થયો; પરંતુ કમનસીબે તે જન્મ્યા પછી તરત મરી ગયો. આ હતભાગીને ઘેર અવતરીને તે નવજાત શિશુ કશું સુખ ન પામ્યો. પોસ્ટ-માસ્તર દંપતીએ તેની પાછળ સારું દાનપુણ્ય કર્યું. આ જ ઘટનાએ કંઈક જુદો વળાંક લીધો. એ બાળક હતભાગી નહિ, પણ સદ્ભાગી બન્યું. અત્યંત ગરીબાઈમાં જીવતાં અને ઠંડીમાં ઠૂંઠવાતાં નાગાપૂગાં બાળકોના અંગ ઉપર પહેરવા કપડાં મળે એ હેતુથી ભોજાએ એ જ બાળકની કબર ખોદી. તેમાંથી ભોજાએ હળવેકથી લૂગડે વીંટ્યા બાળકને ખાડામાંથી ઊંચકી લીધું. ત્યાં તો એ અચેતન બાળકનો દેહ સળવળ્યો. તેને આશ્ચર્ય થયું. તેના મનમાં આ કોઈ ખવીસની રમત તો નહિ હોય એવી શંકા જાગી. વધારે વિચાર કર્યા વગર ત્યાંથી ભાગી છૂટવું કે એ બાળકને પાછું ખાડામાં દાટી દેવું ? તેના મનમાં મંથન શરૂ થયું. અંતે બાળહત્યા ન કરવાના ઇરાદાથી તેણે એ બાળકને પોસ્ટ-માસ્તરના હાથમાં સોંપી દીધું. આમ, પોસ્ટ-માસ્તરના જીવનમાં આનંદનો અવસર આવ્યો. વાર્તાનો આ સુખાંત છે.

## SECTION - C (વ્યાકરણ)

➡ નીચેના સમાનાર્થી શબ્દો સામ સામે જોડી લખો. (કોઈપણ ચાર) (પ્રત્યેકનો 0.5 ગુણ) (Marks - 2)

25.

| | | |
|---|---|---|
| (1) બ્રહ્માંડ | વિશ્વ | જગત |
| (2) દેહ | શરીર | કાયા |
| (3) વૃક્ષ | તરુ | ઝાડ |
| (4) કનક | સોનું | સુવર્ણ |

## ~~SECTION - D~~

➡ નીચેના વાકયોમાં રેખાંકિત શબ્દના સ્થાને તેનો વિરુદ્ધાર્થી શબ્દ લખી, વાકયનો અર્થ બદલાય નહીં તે રીતે ફરીથી લખો (કોઈપણ ચાર) (પ્રત્યેકનો 0.5 ગુણ) (Marks - 2)

વિભાગ : C

* સમાનાર્થી શબ્દો : (કોઈપણ ચાર)

25 તેજ – અજવાશ – પ્રકાશ
26 ગ્રંથ – પુસ્તક – ચોપડી
27 પ્રીત – પ્રીતિ – પ્રેમ
28 પાણી – જળ – નીર
29 ઘાટ – આકાર – દેખાવ

* વિરોધાર્થી શબ્દ લખી વાક્યનો અર્થ ન બદલાય તે રીતે લખો [2]
(કોઈપણ ચાર)

30 અમે સહો ઘોડેસવારીની આગ આવડતવાળા નહોતા.
31 પલંગમાં સૂઈ જવાનું દુઃખદ ન લાગ્યું
32 દેશરાની જમીન કઠણ નહોતી.
33 મારી માન્યતા સાચી ન ઠરી
34 નદીને કાંઠે જૂજ કૂવો ખોલી ઊભયાં નહોતા.

* શબ્દસમૂહ માટે એક શબ્દ (કોઈપણ ચાર) [2]

35. કૃતિ
36. અમૃતઆહિયા
37. નીસાંબર
38 કેલી
39 હુંડી.

* તળપદા શબ્દોનું શિષ્ટરૂપ [1]

40. લાવવું 41. નિશાળ

* સાચી જોડણી લખો [1]

42. માર્મિક 43. પોસ્ટ અથવા પથ્થર

* સૂચના પ્રમાણે લખો (કોઈપણ છ) [3]

44. બારબાર 46. ચ. 48. વાળાને. 50. બનાવવાનું
45. ~~આંસઆ~~ પાણીનાં 47. · 49. હેત્વર્થકૃદંત

* રૂઢિપ્રયોગનો અર્થ આપી વાક્ય પ્રયોગ કરો. [2]

51 ચોરો મારી લેવો
52 ઉશ્કેરાટ ન કરવો અથવા 52 ગભરાઈને ચોંકી જવું

* સૂચના પ્રમાણે ઉત્તર લખો. [3]

53. પ્રયત્નપૂર્વક તે હોશિયારીમાં આવી બેસે છે.
54. હું બધી સગવડ આપાવીશ
55. ઊંઝાનું માગનારાઓની નજર ગીધ જેવી હોય છે!
અથવા
55 બાપુએ મને પાણીના પ્રાણી જેવો બનાવ્યો.

સાદા વાક્યમાં ફેરવી લખો (કોઈપણ બે) [2]

56 આ વિચાર આવતાં તો આવી ગયા.
એની અશક્તતા જ લોકો પોતે કૂણું ઊભરાં.
સંયોજક - અને

57 એની પાસે ઉપનિષદો વાંચે શીખવાનો લાભ થયો
ત્યાં થોડો વધુ સમય રોકાયો
સંયોજક - અને

58 પોતે જેલમાં ગયો.
છોકરો જરા જરા ચાલતાં શીખ્યો હતો
સંયોજક - ત્યારે

પ્ર સંકુલ કે સંયુક્ત વાક્ય બનાવો. (કોઈપણ બે) [2]

59. મારું માનો તો કાંસવો મરણનો શોક છોડી દો.

60 હવે બધું લઈ આવો ત્યારે મને સાથે લઈ જજો.

61 એને થયું કે એને પણ બોલતાં આવડે છે.

વિભાગ : D

પ્ર કાવ્ય વાંચી પ્રશ્નોના જવાબ લખો. [5]

62. કવિ સાંજના તડકાને જંગલના બહુરૂપી ચિત્તા સાથે સરખાવે છે.

63. સાંજનો તડકો બારીમાંથી કૂદીને ઘરમાં, ત્યાંથી પોતાની છાયાની શોધમાં ઓરડામાં, ઘરમાં આમતેમ ફરે છે.

64. ઓરડામાંથી બહાર નીકળતો ચાલાક તડકો, એની નજર ચૂકવીને, દીવાલો સાથે પીઠ ઘસીને, ઘૂરકી કરતો, બહાર ચાલ્યો જાય છે.

65. બારીની બહાર નીકળીને તડકો ત્રાડ નાખતો જંગલમાં ચાલ્યો જાય છે.

66 શીર્ષક: સાંજનો તડકો

પ્ર ગદ્યખંડ વાંચી પ્રશ્નોના ઉત્તર લખો. [5]

67 હકનું સાચું મૂળ કર્તવ્યપાલનમાં રહેલું છે.

68. ફરજ બજાવ્યા વગર હક્કો મેળવવાના પ્રયત્ન કરવાથી તે મૃગજળની માફક છટકી જશે.

69. જીવનની મુખ્ય જરૂરિયાતો મેળવવાનો હક પશુપંખીને તેમજ મનુષ્યને છે.

70 પોતાના શ્રમનું ફળ કોઈ પડાવી લે તો તેની સામે અસહકાર કરવો એ હક સાચવવાનો ઈલાજ છે.

71 શીર્ષક : હક અને ફરજ

પ્ર નીચેના ભાગમાં સંક્ષેપ કરી તેને યોગ્ય શીર્ષક આપો.

૭૨. પડોશી સ્વદેશી હોય કે પરદેશી, એની સેવા કરવી એ મનુષ્યમાત્રનો પહેલો ધર્મ છે. દરેક વ્યક્તિ પોતાના પડોશીની સેવા કરે તો આખા જગતમાં સૌને જરૂરી મદદ મળી રહે. પડોશીની સેવાથી જ જગતની સેવાની શરૂઆત થઇ શકે.

પ્ર કથનરીતિ પ્રમાણે વિચારવિકાસના ક્રમમાં ગોઠવી ફરીથી લખો. [5

૭૩ 'અમારે તો આ ભીતરની અવસ્થાએ દીકરાના નામની રૂપિયા દેવાદો ગણીને', બોસ માસ્તરનાં પત્ની બોલતાં હતાં. 'હવે છોકરે બાંધ્યા જેવું થઇ પડ્યું છે. તે અમારું નામ લેવાનું રાખ્યું. તારો તો જેટલો ગણ માનીએ એટલો ઓછો છે મારા વીરા! અમારી આમદીનાં પાણમાં નિભાવીએ તોય તારા ગણનું સાટું વળે એમ નથી.

## વિભાગ: ઈ

૭૪ તમારા વિસ્તારમાં સ્વચ્છતાના અભાવે રોગચાળો ફેલાયો છે. [5

અરજી લેખન-

મું.પો.:-

તા.:-

જિલ્લો:-

તારીખ:-

પ્રતિ,

જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી,

આણંદ જિલ્લો.

વિષય:- અમારા વિસ્તારમાં ગંદકી વધી હોવાથી રોગચાળો ન ફેલાય તેમાટે યોગ્ય કાર્યવાહી કરવા બાબત.

મહોદય,

---

લિ.

આપનો વિશ્વાસુ

xyz

પ્ર વાર્તાત્મક ગદ્યમાં રૂપાંતર કરો. [5

એ વાત તો નિર્વિવાદ છે કે ધન એ સુખ પ્રાપ્તિનું સાધન તો છે જ!, પણ મારે સ્પષ્ટપણે કહેવું છે કે આ 'સાધન'

... બનાવ્યા.

જ આજે સમાજમાં 'સાધ્ય' બની ગયું છે. આજે હું એ વાત તરફ ધ્યાન દોરવા માગું છું કે ધન કમાવા માટે આળસ કે ઉદાસીનતા શાયદ પોસાય નહિ, તેમ એની દોડી મારીને, નિરર્થક દોડી મારવાનું પણ યોગ્ય નથી જ. એ વાત સાથે કોઈ સંમત નહિ થાય કે પૈસો તમારી આવકમાં વધારો કરતો નથી. પરંતુ એ વાતમાં તો સૌ સંમત થશે જ કે સુખ તો સંતોષથી જ મળે છે. છેલ્લે હું ભારપૂર્વક કહીશ કે પૈસાને ન તો ધિક્કારો કે ન તો માત્ર એની કદમબોસી કરો.

અથવા

7B ભાવાત્મક ગદ્ય લખો [5]

– (મૌલિક વિચારો સાથે લખેલું જોઈએ)

૮ નિબંધ લેખન [10]

76 નિરક્ષરતાનો અભિશાપ

અથવા

ભ્રષ્ટાચાર એક શિષ્ટાચાર

અથવા

પર્યાવરણ બચાવો

(મૌલિક વિચારો લખાણથી રજૂ કરશો)